# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# KADI VISAVADAR ELECTION

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક માટે આજે મતદાન થઈ રહ્યું છે. બપોરે એક વાગ્યા સુધી કડી બેઠક પર 34.79 ટકા, જ્યારે વિસાવદર બેઠક પર 39.25 ટકા મતદાન નોંધાયું છે. કડી બેઠક પર આઠ અને વિસાવદર બેઠક માટે 16 ઉમેદવાર મેદાને છે. આજે સાંજે 6 વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા ચાલશે. મહેસાણામાં દિવ્યાંગ મતદારો માટે મતદાન મથક પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(વૉઈસકાસ્ટ- જયંતી ચૌધરી, મહેસાણા પીટીસી)**

. . . . . . . . . . .

# GUJARAT RAIN

આજે રાજ્યના 91 તાલુકામાં વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં આજે મેઘમહેર થતા વલસાડના વાપીમાં સૌથી વધુ 4 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે ધરમપુર અને પારડીમાં પણ પોણા ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ભરૂચના હાંસોટ, નવસારીના ખેરગામ, અને સુરતના ઓલપાડમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ છે. રાજ્યમાં ચાર દિવસમાં જ સિઝનનો 12 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. ભારે

વરસાદને કારણે છોટાઉદેપુરના તેજગઢ ઓરસંગ નદીના પાણીમાં ટ્રક તણાઇ હતી.

. . . . . . . . . . .

# RAIN DAM OVERFLOW AND RESCUE WORK

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદને પગલે નવ ડેમ છલોછલ ભરાયા છે અને 15 ડેમ હાઈ એલર્ટ પર છે.

રાજ્ય સરકારની યાદીમાં જણાવ્યા પ્રમાણે, બોટાદ, ભાવનગર અને અમરેલીની 17 નદીઓ ઓવરફ્લો થઈ છે.

ભાવનગર, અમરેલી, બોટાદ અને સુરેન્દ્રનગરમાં એક હજાર 60 નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું. વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ માટે NDRF ની 20 ટીમ કાર્યરત છે, જ્યારે NDRF અને SDRF ની વધારાની 13 ટીમ સ્ટેન્ડબાય રાખી છે.

અવિરત વરસાદના પગલે 3 સ્ટેટ હાઇવે અને 1 નેશનલ હાઇવે સહિત 154 રોડ રસ્તા બંધ છે.

. . . . . . . . . . .

# AMDAVAD DNA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 211 મૃતકના DNA નમૂના મૅચ થયા છે. જ્યારે 189 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું કે 11 લોકો પોતાના સ્વજનોના મૃતદેહ મળે તેની રાહ જોઈ રહ્યા છે. અત્યાર સુધી જેના મૃતદેહ સ્વજનોને સોંપાયા છે તેમાં 142 ભારતીય, 32 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, એક કેનેડિયન અને 7 અન્ય સ્થાનિકોનો સમાવેશ થાય છે. **આ અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.રાકેશ જોશીએ વધુ માહિતી આપી.**

## (બાઇટ: **ડૉ.રાકેશ જોશી, સિવિલ હોસ્પિટલ**)

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં 12 જૂને વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના DNA નમૂના મૅચ કરવાની પ્રક્રિયા ઝડપથી ચાલી રહી છે. બીજી તરફ, આ ઘટનામાં જીવ ગુમાવનારા પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા આજે ગાંધીનગરમાં યોજાયેલી પ્રાર્થના સભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ગસ્થ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

. . . . . . . . . . .

# RUPANI TRIBUTE

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને અનેક જિલ્લામાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. અરવલ્લી જિલ્લાના મોડાસા કમલમ કાર્યાલય ખાતે યોજાયેલી શોકસભામાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભિખુસિંહજી

પરમાર સહિત ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. તમામ હોદ્દેદારોએ મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

નર્મદા જિલ્લાના રાજપીપળા કમલમ કાર્યાલય ખાતે યોજાયેલી પ્રાર્થનાસભામાં સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . .

# GUJARAT BANGLADESHI

રાજ્યની પોલીસે એક મોટી કાર્યવાહીમાં 200થી વધુ બાંગ્લાદેશીઓ પકડ્યા છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાજ્યમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને સામેની ઝુંબેશમાં છેલ્લા 100 કલાકમાં આ કાર્યવાહી કરી છે. આ તમામ બાંગ્લાદેશીઓના દેશનિકાલ માટે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . .

# CHOTAUDEPUR PADYATRA

કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારના 11 વર્ષ પૂર્ણ થવા પર છોટાઉદેપુર લોકસભા વિસ્તારના ભાજપના કાર્યકર્તાઓ છોટાઉદેપુરથી પાવાગઢ સુધી પદયાત્રાનું આયોજન કરાયું. સાંસદ જશુ રાઠવાના નિવાસ સ્થાનેથી આ

પદયાત્રા શરૂ કરવામાં આવી હતી. જેમાં જોડાવા શ્રી રાઠવાએ પ્રજાને અપીલ કરી હતી.

. . . . . . . . . . .

# RATION E-KYC

રાજ્યમાં રેશનકાર્ડ ધરાવતા 3 કરોડ 14 લાખથી વધુ લોકોનું E-KYC પૂર્ણ થયું છે. અન્ન- નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 88 ટકા E-KYC પૂર્ણ થયું છે. લાભાર્થીઓનું ડુપ્લીકેશન અટકાવવાના હેતુથી છેલ્લા દોઢ વર્ષથી e-KYCની કામગીરી ચાલી રહી છે.

રાજ્ય સરકારે રેશન કાર્ડધારકોના e-KYCની કામગીરી ઘરે બેઠા "My Ration" મોબાઈલ એપ્લિકેશનથી, નજીકનાં મામલતદાર/ઝોનલ ઓફિસ, ગ્રામ પંચાયત ખાતે V.C.E. દ્વારા, વાજબી ભાવનાં દુકાનદારો દ્વારા, શાળા/કોલેજના શિક્ષક અથવા સરકારી કર્મચારી દ્વારા "PDS Plus" મોબાઈલ એપ્લિકેશનથી થાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. રાજ્યભરમાં ચાલુ જૂન માસમાં જથ્થાની ફાળવણી સામે કુલ 93.40 ટકા અનાજ વિતરણ કરાયું છે.

. . . . . . . . . . .